RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૧ તા.૫–૧૨–૨૩

અરજદારઃ – શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળાઃ– ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૧૫૭૬ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.) તા.૨૦–૦૯–૨૩ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૫–૧૨–૨૩ની અપીલ નં. SMC/FAP/RTI CELL/નં.૦૧/ ૨૩–૨૪

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૧૫૭૬ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.)તા.૨૦–૦૯–૨૩ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબતે માગ્યા મુજબ માહિતી મળેલ નથી અધરુી મળેલ છે ખોટી માહિતી મળેલ છે એવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૨–૨૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન દ્વારા તમામ ઝોન/ખાતાને તબદીલ કરવામાં આવેલ. અરજદાર તરફથી વિલંબીત અપીલ કરવામાં આવેલ છે. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતી/પાઠવેલ પત્રની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેઓનો પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૧૫૦ તા.૨૬–૧૨–૨૩ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને **જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ** તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૫૧ તા.૨૬–૧૨–૨૩ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી તબદીલી અંગેનો પત્ર નં. સી./આરટીઆઈ/૩૪૪ તા.૦૩–૧૦–૨૩ની નકલ, અરજદારની તા. ૨૦–૯–૨૩ની અરજીની નકલ, અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂનો–ખ માં પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૪ તા.૧૦–૧૦–૨૩ની નકલ, અરજદારને નાણાં ભરવા પાઠવેલ યાદપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭ તા.૩૦–૧૦–૨૩ની નકલ અત્રે મળેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૧૫૭૬ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.) તા.૨૦–૦૯–૨૩ની અરજીથી મુદ્દા નં ૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન–નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે કરવામાં આવેલ. જે એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૫૭૬ તા.૨૨–૯–૨૩ થી પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી–મધ્યસ્થ કચેરી અને સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–રેકર્ડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી–મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં. સી./આરટીઆઈ/૩૪૪ તા.૩–૧૦–૨૩થી તમામ ખાતા/ઝોન અને અત્રેના આરટીઆઈ સેલને આંશિક તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને **તા.૦૫–૧૦–૨૩ના** રોજ મળેલ. જેના અનુસંધાને નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક, **આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૪ તા.૧૦–૧૦–૨૩ થી** " અત્રેના આરટીઆઈ સેલને લાગુ માહિતીમાં સેકશન ઓફિસરશ્રીને સુપ્રત કરેલ/સોપેલ/ આપવામાં આવેલ DP POWERS ની નકલના ૧ પાનાના રૂા. ૨ લેખે ૯ પાનાના રૂા. ૧૮/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી માહિતી મળી શકશે. " એવું જણાવવામાં આવેલ.

ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી અરજદારને **યાદપત્ર** નં. આરટીઆઈ સેલ/૧૧૭ તા.૩૦–૧૦–૨૩થી દિન–૭ માં પૈસા ભરી તેની રસીદ રજુ કરી માહિતી મેળવી લેવા અન્યથા તેઓને માહિતી મેળવવામાં રસ નથી એમ માની નમુના–ક ની અરજી દફતરે કરવામાં આવશે જેની નોંધ

લેશો એવું જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા આજદિન સુધી નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ નથી.

ત્યાર બાદ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૨–૨૩ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન તરફથી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ.

અરજદારે અપીલ તબક્કે તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અરજીના મુદ્દા નં. ૧ માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪ તા.૧૦–૧૦–૨૩ થી નમૂના–ખ દ્વારા નકલ ફી **રૂા.૧૮/–** ભરપાઈ કરવા જણવવામાં આવેલ. તેમ છતાં અરજદાર દ્વારા આજદિન સુધી ફી ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૦૯–૨૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર અનુસાર અરજદાર રૂા.૧૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સદર અપીલ અરજી અંગે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(Sd-)
(રીંપલબેન એ. મિસ્ત્રી)
ઈ.ચા. સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૫૨
તા. ૨૮–૧૨–૨૦૨૩

પ્રતિ, (૧) ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી તલ્હા ચાંદીવાલા